
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**બહેન, બધાં છોકરાને એના પપ્પાએ મોબાઈલ લઈ દીધા પછી ઘરમાં કોઈ કકળાટ ડાઉનલોડ થતો નથી, એક કેબી જેટલો અવાજ નહી અને ઘર સુપર ક્લીનર એચ જેવું ચોકખુ રહે છે...!!**

# લો બોલો... સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની જ ટેલિફોન લાઈનો "બંધ" હાલતમાં..!!!

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ "વાયુ" વાવાઝોડાના તોળાયેલા સંકટને પહોંચી વળવા સઘન તૈયારીઓ કરી હોવાનો દાવો કર્યો હતો અને સંકટ ટળી જતા સરકારે જાતે જ પોતાની પીઠ પણ થાબડી હતી કે અભૂતપૂર્વ તૈયારીઓ રાજય સરકાર દ્વારા કરવામાં આવી હતી. જોકે આ અભૂતપૂર્વ તૈયારીઓ ખરેખર કેટલી પુરતી અને અસરકારક હતી તે તો "વાયુ" વાવાઝોડુ ફંટાઈ ગયુ ના હોત તો ખબર પડી જાત પરંતુ આજે પણ જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ બાબતે સરકાર જશ ખાટવાનો પ્રયાસ કરે છે તે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના મુખ્ય કાર્યાલયના અસંખ્ય ટેલિફોન "બંધ" હાલતમાં ઘણા દિવસથી છે એટલું જ નહી આ કાર્યાલયના પ્રવેશ દ્વારે સલામતી માટે ફરજ બજાવતા સિક્યુરિટી કર્મચારીને આગંતુકને કચેરીમાં પ્રવેશ આપવો કે નહી તેની પૃચ્છા કરવા માટે આપવામાં આવેલ ફોન પણ બંધ છે.

સુત્રોના જણાવ્યા મુજબ સેક્ટર-૧૧માં ઉદ્યોગભવન પાસે સ્થિત ગુજરાત રાજય આપત્તિ નિયમનની રાજયના મુખ્ય કન્ટ્રોલરૂમ સમી કચેરીના અસંખ્ય ટેલિફોન કનેક્શન કોઈ કારણોસર બંધ છે જેના કારણે આ લાઈન પર સંપર્ક સાધવા પ્રયાસ કરનારને સંપર્ક સાધવામાં તકલીફ પડી રહી છે. આપત્તિ નિયમન માટે સંદેશાવ્યવહાર સૌથી અગત્યની કડી ગણાય છે અને તે માટે ટેલિફોન એ ખૂબજ મહત્વનું સાધન છે. હવે જો રાજ્યની આપત્તિ વ્યવસ્થા માટેની મુખ્ય કચેરીએ જ જો ટેલિફોન લાઈનો બંધ હોવાને કારણે સંપર્ક ના થઈ શકે તો પછી આપત્તિનું નિયમન કેવી રીતે થઈ શકે ? ઘણીવાર ધરતીકંપ કે આગ જેવી આપત્તિ અચાનક સર્જાતી હોય છે ત્યારે આપત્તિમાં ફસાયેલી કે ભોગ બનેલી વ્યક્તિ જો ડિઝાસ્ટર મેનેજમેન્ટનો સંપર્ક સમયસર કરી ના શકે તો બચાવકાર્ય કેવી રીતે થઈ શકે ? ના કરે નારાયણને જો કોઈ આપત્તિ અચાનક સર્જાશે તો તેવા સમયે યોગ્ય બચાવકાર્ય હાથ નહી ધરાવાથી જાન-માલને નુકશાન થશે તેની જવાબદારી કોની રહેશે ?




ગાંધીનગર તાલુકાના સરપંચો અને તલાટી તેમજ સહકારી સંસ્થાના અગ્રણીઓની ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે સંબોધી હતી. જેમાં જળશક્તિ અભિયાન વિશે વિગતો આપી અને જળસંચય માટેની પ્રતિજ્ઞા લેવડાવી હતી તે પ્રસંગની તસ્વીર.

# શહેરના ખ-પ પાસે ઝાડીઓમાં જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર શહેરના ખ-પ સર્કલ પાસે ઝાડીઓમાં જુગાર રમતા પાંચ શકુનીઓ પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા છે. સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડન પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમના કોન્સ્ટેબલ જગદીશસિંહને જુગારીઓ અંગે બાતમી મળી હતી જેને પગલે પોલીસે રેઈડ પાડી ફાટક પાસેથી ઝાડીઓમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે શકુનીઓ પાસેથી રોકડા રૂ. ૪૩૧૦ જપ્ત કર્યા હતા. પકડાયેલા શકુનીઓમાં મનિષ ગીરીશભાઈ પરમાર રહે. ૧૩૦-૨ છ ટાઈપ સે-૧૬, મોસીનખાન અકબરકાન બલોચ રહે.ગોકુળપુરા છાપરા, સંજય સોમાભાઈ પરમાર, બાલાજી કુંવરજી ઠાકોર, આઝીરખાન ગુલાબખાન બલોચનો સમાવેશ થાય છે. સેકટર-૭ પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારાનો કેસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈતિહાસ સાક્ષી છે કે કોઈ દાઢીવાળો કેપ્ટન વર્લ્ડકપ જીત્યો નથી.!!!

## સોશ્યલ મિડીયા પર ભારતીય ટીમની હાર અંગે અવનવા ચબરાકિયાં ફરતા થયાં

ગાંધીનગર, તા. ૧૧

બુધવારે ક્રિકેટ વિશ્વકપમાં ન્યુઝિલેન્ડ સામેની સેમી ફાઈનલ મેચમાં ભારતીય ટીમના થયેલા પરાજયને પગલે પાટનગરના ક્રિકેટપ્રેમીઓમાં ભારે આઘાતની લાગણી જોવા મળી રહી છે. સતત યશસ્વી દેખાવ કરી રહેલી ભારતીય ટીમના કારણે ફરી એકવાર ભારતની ક્રિકેટમાં વિશ્વ વિજેતા બનવાની શક્યતા સર્જાઈ હતી તે સમણું એકાએક તુટી જતાં ક્રિકેટ ફેન્સના "દિલ" તુટી જવા પામ્યાં છે અને આ ફેન્સ પોતાની લાગણીઓ સોશ્યલ મિડીયા પર વ્યક્ત કરી રહ્યાં છે. જોકે મોટાભાગના ફેન્સે આ વખતે સંયમ જાળવતા ભારતીય ટીમની લડત અને જુસ્સાને બિરદાવ્યો છે જ્યારે કેટલાક નેટીઝન્સ તેને હળવાશથી લઈ વિવિધ 'ચબરાકિયાં' થકી આ ઘડીનો પણ આનંદ માણવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યાં છે.

● આઈ એમ નોટ અ ફેન ઓફ વીનીંગ ઈન્ડિયા, આઈ એમ અ ફેન ઓફ ટીમ ઈન્ડિયા. આઈ વીલ સપોર્ટ માય નેશન ટીલ માય




લાસ્ટ બ્રેથ.

● ઈતિહાસ સાક્ષી છે કે કોઈ દાઢીવાળો કેપ્ટન ક્યારેય વર્લ્ડકપ જીત્યો નથી.

● લોચો હવે પકડાયો, રોહિત-રાહુલ-કોહલી તો વન ડે સ્પેશિયાલિસ્ટ છે, આ તો ટુ ડે હતી..!!

● કોન કોહલી ? ક્યા ક્રિકેટ, હોકી હમારા રાષ્ટ્રીય ખેલ હૈ

● આજથી ભારતની કોઈ પણ ફ્રુટની દુકાનમાં 'કિવી' દેખાવું ના જોઈએ.

● ઈંગ્લેન્ડ અને ન્યુઝિલેન્ડ સામે ભારતના પરાજયમાં ધોનીની ધીમી ચાલ અને ભૂમિકા મોટી છે.

● બ્રેકિંગ ન્યુઝ : નરેન્દ્ર મોદીએ અમિત શાહને તાત્કાલિક ઈંગ્લેન્ડ મોકલ્યા.

● વર્લ્ડકપ તો અમે જીતી શકીએ શર્ત એટલી છે કે રન ઈવીએમથી ગણાવા જોઈએ.

● પાર્ટી બેટીંગ કરવા રેડી છે, મંગાવો ઈવીએમ મશીન.

● કલ કે મેચ સે ક્યા શિખા આપને ? યહી કી આજ કે કામ કો કલ પે નહી ટાલના ચાહિએ વરના કામ બિગડ શકતા હૈ.

● બ્રેકિંગ ન્યુઝ : મુકેશ અંબાણીએ ન્યુઝિલેન્ડની તમામ જમીન ખરીદી લીધી છે અને તેને ભારત સાથે ભેળવી દીધુ છે અને તેને નવું નામ "ન્યુ જીઓ લેન્ડ" આપી ઈન્ડિયા કોલોની બનાવી દીધી છે, હવે આપણે રવિવારે ફાઈનલ રમીશુ.

# જિલ્લામાં બે વર્ષના ૬૩૮૬ દારૂડીયાઓ પકડાયા : વિધાનસભામાં જવાબ

## છ માસથી એક વર્ષ સુધી બાકી પકડવાના ૩૬ અને એક વર્ષથી વધુ સમયથી બાકી પકડવાના ૭૦ આરોપીઓ હજુ પકડાયા નથી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે. રાજયના શહેરોમાં જોઈએ તેટલો દારૂ છુટથી મળી રહે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૧ જુન ૨૦૧૭ થી તા.૩૧ મે ૨૦૧૯ વચ્ચે રૂ.૧૦.૫૦ કરોડથી વધુનો વિદેશી અને દેશી દારુ પોલીસ તંત્ર દ્વારા પકડવામાં આવ્યો છે.એટલે કે સરેરાશ પર નજર કરી એ તો રોજનો ૧.૪૩ લાખ રૂપીયાનો દારુ જિલ્લામાં પકડાયો છે. ત્યારે જિલ્લા પોલીસે છેલ્લા બે વર્ષમાં દેશી અને વિદેશી દારુના કુલ ૪,૦૫૩ કેસ કર્યા છે. ત્યારે આ આંકડાકીય માહિતી વિધાનસભા દરમિયાન માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે પુછેલા પ્રશ્નમાં મુખ્યમંત્રીએ આપેલા જવાબમાં સામે આવી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસે છેલ્લા બે વર્ષમાં વિદેશી દારુની બોટલ નંગ-૩,૨૦,૦૪૭, જેની કિંમત રૂ. ૯,૯૯,૪૧,૬૭૮ બિયર બોટલ નંગ-૪૪,૯૭૫ જેની કિંમત રૂ. ૪૫,૦૭,૫૪૨ થાય છે. જયારે દેશીદારુ ૩૨,૩૧૨ લીટર જેની કિંમત રૂ. ૬,૪૬,૨૪૦ થાય છે. જયારે તા. ૧ જુનથી ૨૦૧૭ થી ૩૧ મે ૨૦૧૯ દરમિયાન દેશીદારુના ૩૩૨૩ અને વિદેશી દારુના ૭૩૦ કેસ નોધાયા છે. તો બે વર્ષમાં કુલ કેસમાં ૬૩૮૬ દારુડીયાઓની ધરપકડ કરવામાં આવી છે.

જયારે ૧૫૦ આરોપીઓને હજુ પણ પકડવાના બાકી છે. જેમાં છ માસથી એક વર્ષ સુધીના ૩૬ આરોપીઓને પકડવાના બાકી છે. તો એક વર્ષથી વધુ સમય સુધી ન પકડાયેલા ૭૦ થી વધુ આરોપી પકડવાના બાકી છે.



ખોરજ ગ્રામ પંચાયતની કચેરીને તાળા મારી તલાટી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તે પ્રસંગની તસવીર.



ગાંધીનગર શહેરના આંબેડકર હોલ ખાતે ગુરૂવારના રોજ ગુજરાત રાજય પછાત વર્ગ છાત્રાલય કર્મચારી મહામંડળના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી. જેમાં છાત્રાલયમાં ફરજ બજાવતા ગૃહપતિ, ગૃહમાતા, રસોઈયા અને ચોકીદારને ઉચ્ચક પગાર આપવામાં આવે છે. તો સરકાર દ્વારા આ કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવે તે માટે ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરાઈ છે. આ પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં છાત્રાલયના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ગોદડીયા પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવણી તથા પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગોદડિયા પરિવાર દ્વારા વર્ષોથી ઉજવવામાં આવતો ગુરૂપૂર્ણિમા મહોત્સવ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૪ જુલાઈથી ૧૬ જુલાઈ દરમિયાન પ.પૂ. પ્રાગદાસ બાપા ગોદડીયાની રાજા મઢી મુ. જૂનામાંકા જી. પાટણ ખાતે યોજાશે.

ગુરૂપૂર્ણિમા નિમિત્તોની ઉજવણી સાથે સર્વ દેવોને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રાગદાસબાપા ગોદડીયાની રાજા મઢી જૂના માંકા ખાતે યોજાશે. તા. ૧૪ થી ૧૬ જુલાઈ સુધી યોજાનાર કાર્યક્રમમાં ૧૪ તારીખને રવિવાર સવારે ૯.૧૫ પંચાગ કર્મ શરૂ થશે ત્યારબાદ પૂજા વિધિ અને ૫.૩૦ કલાકે આરતી થશે.તા. ૧૫ જુલાઈને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે પ્રાત:પૂજન ત્યારબાદ ૧૧ કલાકે નગર શોભાયાત્રા બપોરે ૩.૧૫ કલાકે ૧૦૮ માટીના ઘડાથી શપથ વિધિ મહાભિષેક ત્યારબાદ પૂજા વિધિ અને રાત્રે ૭.૧૫ કલાકે આરતી યોજાશે. તા. ૧૬ને અંતિમ દિવસે સવારે ૮.૩૦ કલાકે પ્રાત:પૂજન બપોરે ૧૨.૩૯ કલાકે પ્રાણપ્રતિષ્ઠા અને બપોરે ૪.૧૫ કલાકે મહાઆરતી યોજાશે. પ્રાણ પ્રતિષ્ઠા ગુજરવાડાવાળા શાસ્ત્રી જગદીશકુમાર બી. દવે દ્વારા કરાશે. આ પ્રસંગે દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા ભાવિકોને સમસ્ત ગોદડીયા પરીવાર અને સમસ્ત જૂનામાંકાના ગ્રામજનો દ્વારા જણાવાયું છે.




## જીઆઈડીસીના ઈલેકટ્રોનિક્સ ઝોનમાં વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગરના ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ગેજીયા દ્વારા ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશ ૨૦૧૯ અંતર્ગત જીઆઈડીસી તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુકત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈલેકટ્રોનિકસ ઝોનમાં વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગેજીયાના પ્રમુખ ડૉ. સમીર ત્રિવેદી, જીઆઈડીસી કચેરીના ડિવીઝનલ મેનેજર મનિષાબેન વિસાણા, કાર્યપાલક ઈજનેર કે.આઈ. પટેલ, પ્રાદેશિક મેનેજર રાકેશભાઈ પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર રિકેશભાઈ શાહ, ગેજીયાના ઉપપ્રમુખ ચાણકયભાઈ પટેલ, સેક્રેટરી નિતેષભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ રાહુલભાઈ મહેતા, ચિંતનભાઈ પટેલ, ચૈતન્યભાઈ શુકલ, અમૃતભાઈ પટેલ, સભ્યો દિપકભાઈ મહેતા, રાકેશભાઈ પટેલ, રજનીભાઈ કણસાગરા, અશ્વિનભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, એમ.ડી શાહ, વિવેક શાહ, વિજય ભાલારા, મુકેશ પટેલ, વિજય રાવલ, અંકિત જૈન, દિલીપસિંહ ચૌહાણ, ભરતભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ સહિત અન્ય સભ્યો હાજર રહ્યા હતા અને જીઆઈડીસી વિસ્તારમાં વધુને વધુ વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

# ગાંધીનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિચર્સ ખાતે બે દિવસીય સેમિનારનો પ્રારંભ

સોસાયટી ફોર ડિસેબિલીટી એન્ડ રિહેબિલિટેશન સ્ટડીઝ, ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિચર્સ (આઈ.આર.એસ) અને ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગુજરાતના સંયુકત ઉપક્રમે આજરોજ ભારતમાં ડિસેબિલિટી સમાવિષ્ટ આપત્તિ જોખમ વ્યવસ્થાપન વિષય પરના રાષ્ટ્રીય સેમિનારનું આયોજન ગાંધીનગરની ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિચર્સ ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમિનારને ગુજરાત રાજય હ્યુમન રાઈટ્સ કમિશનના ચેરપર્સન એમ.એચ. શાહના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ગુજરાત રાજય હ્યુમન રાઈટ્સ કમિશનના ચેરપર્સન એમ.એચ. શાહે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ૧૫ ટકા લોકો દિવ્યાંગતા અનુભવી રહ્યાં છે. આપત્તિ મુખત્વે કુદરતી, મશીન અને માનવ સર્જિત આપત્તિ હોય છે. કુદરતી આપત્તિમાં સુનામી, ભૂકંપ જેવી આપત્તિ હોય છે. જયારે મશીનથી સર્જિત અને માનવ સર્જિતી આપત્તિમાં અનેક બનાવોનો સમાવેશ થાય છે. હાલના સમયમાં દર એક મિનીટે એક અકસ્માત થાય છે, દર વીસ મિનિટે એક વ્યક્તિનો જીવ જાય છે. આપત્તિ સમયે ખોરાક, પાણી અને વીજળી સુવિધાઓની આવશ્યકતા સૌથી વધુ હોય છે, તેવું કહી કચ્છના ભૂકંપમાં દિવ્યાંગ લોકોને કેવી મદદ કરવામાં આવી હતી. તેની પણ વાત કરી હતી.

ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડી.જી ડાં. પી.કે. તનેજાએ જણાવ્યું હતું કે, ડિઝાસ્ટરે તમામ લોકોને આવરી લેતો વિષય છે. ડિઝાસ્ટર સમયે તેનો સામનો કરવાની ક્ષમતા હોવી તે ખૂબ જરૂરી છે. પરંતુ આવા સમયે દિવ્યાંગતા ધરાવતા લોકોની ક્ષમતા ઓછી થઈ જાય છે. જેથી તેઓ ડિઝાસ્ટરનો ભોગ ઝડપી બની શકે છે. સક્ષમ સંસ્થા તરફથી યોગ્ય માર્ગદર્શન અને નક્કર આયોજન કરવામાં આવે તો ડિઝાસ્ટર સમયે દિવ્યાંગોને લડવું સરળ બની શકે તેમ છે. સામાન્ય રીતે ભૂકંપ મેનેજમેન્ટ અને રિકસ ભૂકંપ વચ્ચેની ભેદરેખા કોઈ જાણતું નથી, તેવું કહી તેની વિસ્તૃત વાત કરી હતી. જાપાનમાં આવેલી વર્ષ-૨૦૧૧ની સુનામીમાં સૌથી વધુ દિવ્યાંગ લોકોને કેમ અસર થઈ હતી, તેની પણ રસપ્રદ વાત કરી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કમિશનર ડી.એન. પાંડેએ જણાવ્યું હતું કે, દિવ્યાંગ લોકોને કાયદાકીય હક મેળવવાના કાયદામાં ત્રુટિઓ છે, તેને દૂર કરવી ખૂબ જરૂરી છે. વર્ષ-૨૦૧૬માં કાયદામાં સુધારા કરવામાં આવ્યા છે. પરંતુ કાયદાઓ પર ચર્ચા-વિર્મશ કરીને યોગ્ય દિશામાં કામ કરવું ખૂબ જરૂરી છે. આપત્તિ સમયે સમાજની શું ભૂમિકા છે, તે વિશેની જાગૃત્તિ આવે તે પણ ખુબ જરૂરી છે. દિવ્યાંગ લોકોની યાદી અલગ બનાવવાની વાત પર ભાર મુકી નીતિઓનું ચોક્કસ અમલીકરણ કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો. ફિઝિકલ દિવ્યાંગ લોકો આફતને સમજી શકે છે, પણ માનસિક દિવ્યાંગ વ્યક્તિઓને આ અંગેની સમજ પડતી નથી. જેથી આગ લાગે ત્યારે શું કરવું, ભૂકંપમાં શું કરવું જેવી આફતોના સમય શું કરવું ન કરવાની જાગૃત્તિ આવી પણ ખુબ જરૂરી છે.

# સ્વરચિત વર્ષાઋતુ કાવ્ય પઠનની મહેફિલનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા જુલાઈ મહિનાના બીજા રવિવારે એટલે કે ૧૪મી જુલાઈએ સ્વરચિત વર્ષાઋતુ કાવ્ય પઠન મહેફિલનું આયોજન કરવામાં આવ્યું છે.

દર મહિનાના બીજા રવિવારે છેલ્લા ૨૩ વર્ષથી અચૂક મળતી ગાંધીનગર સાહિત્યસભા એમના સભ્યોને કાવ્ય પઠનનો અનુભવ મળે એવા ઉમદા હેતુથી આ રવિવાર દિનાંક ૧૪ જુલાઈ સાંજે સાડા પાંચ વાગ્યે યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૬ ખાતે વર્ષાઋતુ કાવ્ય મહેફિલ સજાવવાનું છે. સૌ કવિઓને એમની સ્વરચિત રચના સાથે પધારવા સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આમંત્રણ પાઠવ્યું છે.

# દેવકરણના મુવાડામાં ઝાડા ઉલ્ટીના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૧

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે ઝાડા-ઉલ્ટીના નવથી વધુ કેસ નોંધાયા હતા. પ્રાપ્ત થતી વિગતો મુજબ મન્સુરીવાસ અને પ્રજાપતિ વાસમાં આ કેસો નોંધાયા હતા. ગઈકાલે સ્થાનિક આરોગ્યતંત્રએ તાબડતોબ પગલાં લેતાં પરિસ્થિતિ વણસતાં અટકી પડી હતી.

આજે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીની ટીમે પણ સ્થળ તપાસ કરી હતી. આ તપાસ દરમ્યાન પાણી-પુરી ખાવાથી આ સ્થિતિ થઈ હોવાનું તારણ જણાતાં ત્યાં આનો ધંધો કરતા લોકોના ઘરની મુલાકાત લઈ સ્વચ્છતા વિશે સમજ આપી અને એપેડેમિક એક્ટ અંતર્ગત દંડ વસુલી પણ કરી હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ કડક હાથે કામગીરી કરી હોવાથી પંથકમાં તંત્રની સારી કામગીરીને લઈ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ભાવસાર હોસ્ટેલના ભૂતપૂર્વ છાત્રોનું મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ભાવસાર સમાજ દ્વારા અમદાવાદના વાડજ ખાતેની ભાવસાર હોસ્ટેલમાં વર્ષ ૧૯૬૯થી આજ સુધીના સમયગાળા દરમિયાન રહી ચુકેલા ભૂતપૂર્વ છાત્રોના મહાસંમેલનનું આયોજન તા. ૨૫મી ઓગસ્ટે યોજાવાનું છે. આ મહાસંમેલન સ્નેહમિલનમાં જોડાવા ઈચ્છતા દરેક જ્ઞાતિના છાત્રોએ વાડજ ખાતે ભાવસાર હોસ્ટેલ ખાતે સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૨ સને ૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર. મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૭૪૦ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૫/૭/૨૦૧૯ના રોજ ૧૮.૦૦ કલાક સુધી છે.

| અ. નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. |
|---|---|---|---|---|
| ૧ | એસ.કે.-૧ યોજના હેઠળના કાણિયોલ ફીલ્ટર પ્લાન્ટમાં ફીલ્ટર મીડીયા બદલવાની કામગીરી તથા દેધરોટા હેડ વર્ક્સ ખાતે કંપાઉન્ડ વૉલ રીપેરીંગ તથા પરચુરણ કામગીરી તા. હિંમતનગર | ૨૨.૩૫ | 'ઈ-૧' ક્લાસ અને ઉપરના | ૩૬૮૨૩૮ |
| ૨ | હાથરવા તા. વડાલી ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૨૫.૦૦ મીટર કરી આપવાની કામગીરી તેમજ માલસામાન સહિત પીવીસી ૧૧૦ મીમી વ્યાસની પાઈપલાઈનની કામગીરી તાલુકો-વડાલી, જીલ્લો-સાબરકાંઠા | ૧૫.૯૩ | 'ઈ-૧' ક્લાસ અને ઉપરના | ૩૬૮૧૯૫ |
| ૩ | કુબાધરોલ તા. વડાલી ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૩૬.૦૦ મીટર કરી આપવાની કામગીરી તાલુકો-વડાલી, જીલ્લો-સાબરકાંઠા | ૧૩.૮૭ | 'ઈ-૨' ક્લાસ અને ઉપરના | ૩૬૮૧૭૬ |
| ૪ | મસાલ તા. ઈડર ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૩૦.૦૦ મીટર કરી આપવાની કામગીરી તાલુકો-ઈડર, જીલ્લો - સાબરકાંઠા | ૧૧.૬૯ | 'ઈ-૨' ક્લાસ અને ઉપરના | ૩૬૮૧૫૬ |

એક અતવા તમામ ટેન્ડરો કોઈપણ કામ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડવા સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા. પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

**નામાનિ/હિંમત/૧૩૦/૧૯**